Divyabhaskar (Suppl.: Citybhaskar)

EDII

November 30, 2023
Pg.9

# EDIIએ રાજ્યના ઉચ્ચ શિક્ષણ વિભાગ સાથે એમઓયુ કર્યાં

**અમદાવાદ :** EDIIએ ગુજરાત સરકારનાં ઉચ્ચ શિક્ષણ વિભાગ સાથે 'વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિકતા પોલિસીની અસરકારક અમલવારી' માટે MoU કર્યાં હતાં. આ MoU ગુજરાત સરકારનાં આરોગ્ય, પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલ, રાજ્યના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના અગ્ર સચિવ મુકેશકુમાર, ઉચ્ચ શિક્ષણ નિયામક પરિમલ પંડ્યા તથા EDIIના ડિરેક્ટર જનરલ ડૉ.સુનિલ શુક્લાની હાજરીમાં કરાયા હતા. આ પોલિસી વિદ્યાર્થીઓને તેમના સર્જનાત્મક વિચારો અને કુશળતા દર્શાવવા માટે પ્લેટફોર્મ પૂરું પાડશે તથા ભવિષ્યના સાહસિક બનવા માટે વધુ પ્રોત્સાહિત કરશે. રાજ્યની સરકારી બિન સરકારી આર્ટ્સ, સાયન્સ, કોમર્સ, બી.એડ, લૉ કોલેજો તથા ગ્રામ્ય વિદ્યાપીઠમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યર્થિનીઓને અભ્યાસની સાથે ઉદ્યોગ સાહસિકતા વિકસાવવા તથા પ્રોત્સાહન આપવાના ભાગ રૂપે રાજ્ય સરકારે 'વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિકતા' પોલિસી અમલમાં મુકી છે. EDII સંસાધન વ્યક્તિઓની કેડર તૈયાર કરીને ઉદ્યોગસાહસિકતા સંબંધિત તાલીમ આપવા માટે ફેકલ્ટી માર્ગદર્શક, વિદ્યાર્થીઓ માટે તાલીમ કાર્યક્રમો અને વર્કશોપનું પણ આયોજન કરશે.